# આઈનોક્સ વિન્ડ લિમિટેડનો ૧૮મી માર્ચના રોજ ખૂલતો પબ્લિક ઈસ્યુ: પ્રાઈસ બેન્ડ રૂ. ૩૧૫થી ૩૨૫

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૧૨

ગુજરાત ફલોરો કેમિકલ્સ લિમિટેડ દ્વારા પ્રમોટ કરાયેલી આઈનોક્સ વિન્ડ લિ. ૧૮ માર્ચ, ૨૦૧૫ના રોજ રૂ. ૭૦૦૦ મિલિયનનું પ્રતિનિધિત્વ કરતા ઈક્વીટી શેરના ફ્રેશ ઈસ્યુ તથા ગુજરાત ફલોરોકેમિકલ્સ લિમિટેડ દ્વારા ૧૦,૦૦૦,૦૦૦ ઈક્વીટી શેરની ઓફર ફોર સેલ વડે બનેલો ઈક્વીટી શેર દીઠ ભાવ મુજબ, રોકડમાં શેરદીઠ રૂ. ૧૦ની મૂળકિંમતના ઈક્વીટી શેરનો પબ્લિક ઈસ્યુનો પ્રારંભ કરશે. ફ્રેશ ઈસ્યુ તથા ઓફર ફોર સેલને સાગમટે 'ઈસ્યુ' તરીકે ઉલ્લેખ કરાય છે. આ ઈસ્યુમાં સ્પર્ધાત્મક ધોરણે પાત્રતા ધરાવતા કર્મચારીઓ દ્વારા સબસ્ક્રીપ્શન માટે અનામત રખાયેલા ૫,૦૦,૦૦૦ ઈક્વીટી શેરનો સમાવેશ થાય છે. કર્મચારીઓ માટે અનામત રખાયેલા હિસ્સાને બાદ કરવામાં આવતા બાકીનો ઈસ્યુનો અંહી 'નેટ ઈસ્યુ' તરીકે ઉલ્લેખ કરાયો છે.




ઈક્વીટી શેર દીઠ રૂ. રૂ. ૩૧૫થી રૂ. ૩૨૫ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારીત કરવામાં આવ્યો છે. આ બિડ ઈસ્યુ ૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થાય છે. બિડિંગ માટેનો લઘુત્તમ લોટ ૪૫ ઈક્વીટી શેરનો છે અને ત્યારબાદ તે ૪૫ ઈક્વીટીના ગુણાંકમાં છે.